જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૧/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૮૨ વ્યક્તિઓને ઝડપી, ૪૭૦ લીટર દેશી દારૂ, ૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૮૮ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૨૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૬/૨૦૨૬**

નરોડાઃ મજુલાબહેન જગદિશભાઇ સોની (ઉ.વ.૭૨)(રહે.કુંભારવાસ પંચાયત ઓફીસ સામે, નરોડા ગામ) એ તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે નરોડા દર્શન ફૂટવેર નામની દુકાન આગળ આવેલ એક અજાણ્યો પુરૂષ (૨૨ થી ૨૫ ના આશરાના) એ મજુલાબહેનને "તમે વિધવા છો" તેમ પુછી મજુલાબહેને હા પાડતા, તેમને સાડી લઇ આપવાનુ અને રોકડા રૂપિયા ૫૦૦ આપવાનુ કહી વિશ્વાસમા લઇ, મંજુલાબહેનના હાથમાં પહેરેલ સોનાની બંગડી કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– કઢાવી એક થેલીમાં મુકાવી, "આ થેલીમાં સોનાની બંગડીઓ છે, જે કિમતી છે એટલે તમારી થેલી મને આપો, હુ તમારા માટે સાડી લઇને આવુ છુ" તેમ કહી અજાણ્યો પુરૂષ થેલી લઇ નાસી જઇ મજુલાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૭/૨૦૨૬**

સેટેલાઇટઃ સર્યુ વા/ઓ હરીશ દલાલ (ઉ.વ.૮૩)(રહે.એ.ટી.પી.એલ, સેકટર–૩ ત્રિમંદીર પાછળ, અડાલજ ગાંધીનગર) એ તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૫ વાગ્યા દરમ્યાન ત્રિમંદીર/અંબા ટાઉનશીપ બી.આર.ટી.એસ બસ સ્ટોપ અડાલજ થી બસ નંબર–૪ માં બેસી શીવરંજની બી.આર.ટી.એસ બસ સ્ટોપ સુધીની બસની મુસાફરી દરમ્યાન પોતાની પાસેના મોટા પર્સમાં મુકેલ "એ.બી.જવેલર્સ" નુ એક નાનુ પાઉચ સર્યુબહેનની નજર ચુકવી કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ પાઉચમાં સોનાના ૨૦ ગ્રામના બીસ્કીટ નંગ–૫ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/–, સોનાનુ ૨.૫ ગ્રામનુ બીસ્કીટ કિમત રૂપિયા ૧૫,૦૦૦/–, સોનાની ૨૦ ગ્રામની બંગડી કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/–, સોનાની ૧૫ ગ્રામની કંઠી જેની કિમત રૂપિયા ૯૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮,૨૫,૦૦૦/– મતાના સોના દાગીના મુકેલ હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અજીતસંગ ભરતસંગ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૮/૨૦૨૬**

સરખેજઃ સરખેજ એલ.જે.કોલેજ પાછળ, ૧૮ મીટર રોડ પાસે, લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા અનીલકુમાર બચ્ચારામ ભાસ્કર (ઉ.વ.૨૦)(મુળ રહે. ગામ: લોખંડીહનપુરવા, દાનપુરવા, જી.શ્રાવસ્તી, ઉત્તરપ્રદેશ) તા.૦૨/૦૧/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે એલ.જે.કોલેજ પાછળ ૧૮ મીટર રોડ પાસે નવા બનતા વરસાદી પાણીના આર.સી.સી ડક્ટ ઉપર પાણી પિવડાવવા સારૂ માટીના ક્યારા કરતી વખતે અનીલકુમારનો પગ લપસી જતા નિચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને નિકોલ કોઠીયા હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૧/૨૦૨૬ બપોરના ૩/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૯/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ રોહીત અજમલજી ઠાકોર (ઉ.વ.૨૨)(રહે.ખોડીયારનગર પીરાણા રોડ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૬ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પુર્વ તરફના ભાગે રેમ્પ નંબર–૪૧ પાસે વોક–વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિપકકુમાર હમીરભાઈ ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ વસીમ મોહમ્મદમિયા શેખ (ઉ.વ.૩૦) (રહે. શાહબાજની ચાલી, જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરની બહાર રોડ ઉપર પોતાની જાતે જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતા સારવાર દરમ્યાન તા.૨૨/૦૧/૨૦૨૬ સવારના ૧૧/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિતેષકુમાર મહેન્દ્રભાઈ ચલાવે છે.

સરખેજઃ આયશાબાનુ ડો/ઓ મોહમદરફીક પઠાણ (ઉ.વ.૨૪)(રહે. અજમેરીવાડી, સરખેજ રોજા પાછળ, મકરબા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૧/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી